અપીલ અરજી નં.૨૬૪ થી૨૬૭ તા .૧૪–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનુભાઈ ડાહયાભાઈ પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનુભાઈ ડાહયાભાઈ પટેલની તા. ૯–૮–૧૧ની અરજીથી ટેનામેન્ટ નં. ૬૧A–૦૧ –૧૧૧૧ –૦ –૦૦૧, ૬૧A–૦૧–૧૧૨૧–૦–૦૦૧, ૬૧A–૦૧–૧૧૩૧–૦–૦૦૧, ૬૧A–૦૧–૧૧૪૧–૦–૦૦૧, જે સર્વે નં. ૨૮ પૈકી, મોજે ગામ–અમરોલી, તા.ચોર્યાસી, જી.સુરતમાં આવેલ રણછોડ નિકેતન સોસાયટીના પ્લોટ નં. ૨૨,૨૩,૨૪,૨૫ વાળી મિલ્કતને બાંધકામ માટે પરવાનગી મળેલ છે કે કેમ ? વિ.માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૪–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૬૪થી૨૬૭/૨૦૧૧–૧૨

શ્રી વિનુભાઈ ડાહયાભાઈ પટેલની તા. ૯–૮–૧૧ની અરજીથી ટેનામેન્ટ નં. ૬૧A–૦૧ –૧૧૧૧ –૦ –૦૦૧, ૬૧ A–૦૧–૧૧૨૧–૦–૦૦૧, ૬૧A–૦૧–૧૧૩૧–૦–૦૦૧, ૬૧A–૦૧–૧૧૪૧–૦–૦૦૧, જે સર્વે નં. ૨૮ પૈકી, મોજે ગામ–અમરોલી, તા.ચોર્યાસી, જી.સુરતમાં આવેલ રણછોડ નિકેતન સોસાયટીના પ્લોટ નં. ૨૨,૨૩,૨૪,૨૫ વાળી મિલ્કતને બાંધકામ માટે પરવાનગી મળેલ છે કે કેમ ? વિ.માહિતી આપવા બાબતે માંગેલ બધી જ વિગતો પૂરેપૂરી તથા સાચે સાચી મળી ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૪– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **તથા ચારેય ટેનામેન્ટ માટે બાંધકામ તેમજ સરનામા તબદીલી અંગે થયેલ કાર્યવાહીની વિગત સહ મોકલવા સાથે તા. ૨૮–૦૧–૦૯ની અરજી મળેલ હોય તો તેની નકલ અને ન મળેલ હોય તો હકીકત પણ જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૦ તા.૨૬–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અરજીમાં નિર્દિષ્ટ તા. ૨૮–૧–૦૯ની ચારેય ટેનામેન્ટ માટે આપેલ અરજીની નકલ તથા માંગ્યા પૈકી કઈ માહિતી મળેલ છે અને કઈ નથી મળેલ ,બન્ને કિસ્સામાં મળ્યા પૈકીની કઈ માહિતી અંગે શું નારાજગી છે ? તે આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/આ.નં.૪૭૯૮ તા.૧૨–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીઓની નકલ, સદર લાગત ટેનામેન્ટના પાર્ટી સ્ટેટસની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે ટેનામેન્ટ વાઈઝ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૮૨૭ ત,૩૮૨૮, ૩૮૨૫ તથા ૩૮૨૬ તા.૭–૯–૧૧ થી નિયત સમય અવધિમાં આપવમાં આવેલ માહિતી અંગેના પત્રની નકલ, સદર પત્ર સ્વીકાર્યા અંગેના ટપાલબુકની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩૦–૯–૧૧ ના રોજ પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા.૯–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ ટેનામેન્ટ બાબતેના બાંધકામ અને વેરાબીલ અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. કતારગામઝોન તરફથી નિયત સમય અવધિમાં ટેના નં. ૬૧A–૦૧ –૧૧૧૧ –૦ –૦૦૧ અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૮૨૭ તા.૭–૯–૧૧ થી ૬૧A–૦૧–૧૧ ૨૧–૦–૦૦૧ ૦૦૧ અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૮૨૮ તા.૭–૯–૧૧ થી ૬૧A–૦૧–૧૧૩૧–૦–૦૦૧ ૦૦૧ અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૮૨૫ તા.૭–૯–૧૧ થી ટેના નં. ૬૧A–૦૧–૧૧૪૧–૦–૦૦૧ ૦૦૧ અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૮૨૬ તા.૭–૯–૧૧ થી થી અરજદારની અરજી વાઈઝ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદરે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ માંગેલ બધી વિગતો પૂરેપૂરી તથા સાચેસાચી મળી નથી તેવું જણાવી તા.૧૪–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારે તા.૩૦–૯–૧૧ થી પૂરક વિગતો રજૂ કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) રણછોડ નિકેતન સોસા. મોજે ગામ અમરોલી સર્વે નં.૨૮ પૈકી પ્લોટ નં. ૨૨,૨૩,૨૪,૨૫ વાળી મિલ્કત અનુક્રમે ટેનામેન્ટ નં. ૬૧A–૦૧ –૧૧૧૧ –૦ –૦૦૧, ૬૧A–૦૧–૧૧૨૧–૦–૦૦૧, ૬૧A–૦૧–૧૧૩૧–૦–૦૦૧, ૬૧A–૦૧–૧૧૪૧–૦–૦૦૧, બાંધકામ માટે પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામઝોન કચેરીએ ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં મોજે અમરોલી સર્વે નં.૨૮ પૈકી પ્લોટ નં.૨૨ રણછોડનિકેતન સોસા.માં સુરત મહાનગપાલિકા ધ્વારા કોઈ મંજુરી આપવામાં આવેલ નથી. જેમાં અરજદારે અપીલ તબકકે બાંધકામ માન્ય, નિયમિત કે કાયદાકીય હોવા અંગેની માહિતી આપેલ નથી તેવા પ્રશ્ન બાબતે સુરત મહાનગપાલિકા તરફથી કોઈ મંજુરી આપવામાં આવેલ ન હોય પુરાવા ઉપલબ્ધ ન હોય તે મુજબની વિગતો આપી શકાતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) જો હા તો બાધકામ પરવાનો કયા દસ્તાવેજી પુરાવાઓને આધારે આપવામાં આવી જેવા કે રજાચિઠ્ઠી , મંજુર પ્લાન અને બાંધકામના ડ્રોઈંગ , એન.એ. નકલ તથા ડિઝાઈન વર્ક અને મંજુરી મેળવવા માટે રજૂ કરેલ માહિતી તેમજ સબધિત પેપર્સની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર જગ્યાએ થયેલ બાંધકામ બાબતે કતારગામઝોન કચેરીએથી કોઈ પગલા લેવામાં આવેલ નથી તે જાણશો. પ્રશ્ન હેઠળની મિલ્કતની કોઈ મંજુરી આપવામાં આવેલ કોઈ પુરાવા ઉપલબ્ધ ન હોય માંગ્યા મુજબની વિગતો આપી શકાતી નથી. મિલ્કતની કાયદેસરતા અંગેની ચકાસણી કર્યેથી પગલા લેવાની કાર્યવાહી કરી શકાય. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે બાંધકામ બાબતેની નોટીસ અંગેની રજૂઆત કરેલ છે જે અંગે અરજદારને મુદ્દા નં.ર માં પુરાવા ઉપલબ્ધ ન હોય વિગતો આપી શકાય તેમ નથી. મિલ્કતની કાયદેસરતા અંગે ચકાસણી કર્યેથી પગલા લેવાની કાર્યવાહી કરી શકાય તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) સદર બાંધકામ સાથે સંકળાયેલ દરેક વ્યકિત/ સ્ટાફ/ કર્મચારી ધ્વાર પેપર્સ વર્ક તથા સ્થળ તપાસ વિગેરે શું કાર્યવાહી કરવામાં આવી તેની નકલ તથા પુરાવાઓ આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર જગ્યાએ થયેલા બાંધકામ

બાબતે કતારગામઝોનની કચેરીએ મંજુરી બાબતનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી. જેમાં અરજદારે બાંધકામ બાબતે વીઝીટની રજૂઆત કરેલ છે. જે બાબતે મંજુરી બાબતનો રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ વેરાબીલ કયાં પહોંચાડવામાં આવ્યા? તા.૨૮–૧–૦૯ ના રોજ વેરાબીલ ૩૦૪, પાંચમો માળ, ન્યુ ઓપેરા હાઉસ બમરોલી રોડ ખટોદરા સુરત–૩૯૫૦૦૨ ખાતે પહોંચાડવા માટે અરજી કરવામાં આવેલ. જે બાબતે સુરત મહાનગપાલિકા ધ્વારા શું પગલા લેવામાં આવ્યા? બે વર્ષ અને છ મહીના કરતાં પણ વધારે સમય પસાર થયો હોવા છતાં સદર સરનામા ઉપર વેરા બીલ મળ્યા નથી. સદર બાબતે શું પગલા લેવામાં આવ્યા તેની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રણછોડ નિકેતન સોસા. પ્લોનં.૨૨ તથા ટેના નં.૬૧એ–૦૧–૧૧૧૧–૦–૦૦૧ થી નોંધાયેલ મિલ્કતના પાર્ટી. સ્ટેટસની નકલ મેળવવા નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ –૦૧ નકલના રૂા.૦૨/– જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૪૮૮૯૧૧,૪૮૮૯૧૬ , ૪૮૮૯૧૩ ,૪૮૮૯૧૫ તા.૧૪–૯–૧૧ થી દસ્તાવેજ ફી પેટે પ્રતિ નકલ રૂા.૨/– લેખે જમા કરાવી માહિતી મેળવેલ છે. જેમાં અરજદારે બીલ મોકલ્યા અને સ્વીકાર્યા અંગેની વિગતો માંગેલ છે. જે અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. જે બીલ ઈસ્યુ રજીસ્ટરના આધારે કે કોમ્પ્યુટર રેકર્ડ કે અન્ય ડીમાન્ડ રજીસ્ટર બીલ ડીસ્પેચ રજીસ્ટરના દફતર આધારે બીલ ઈસ્યુ અને મોકલ્યાની તારીખની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.(૫) સદર બાંધકામ સાથે સંકળાયેલ દરેક વ્યકિત/સ્ટાફ/કર્મચારીના નામ અને હોદ્દા તથા તેમની જવાબદારી સહિતી માહિતી આપવી. મુદ્દા નં.૬ સદર બાંધકામ સાથે સંકળાયેલ દરેક વ્યકિતના ખાતાનું નામ અને હોદ્દા, સરનામુ, ફોન નંબર તથા મોબાઈલ નંબર સહિતની સંપૂર્ણ માહિતી આપવી. તેવા મુદ્દા નં.૫ અને ૬ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર જગ્યા સુરત મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારોમાં આવેલ છે. સદર વિસ્તારનો સુરત મહાનગપાલિકામાં સમાવેશ થયા બાદ જુદા જુદા અધિકારીશ્રીઓએ આ વિસ્તારમાં ફરજ બજાવેલ છે. હાલમાં સદર વિસ્તારમાં કાર્યપાલક ઈજનેર તરીકે શ્રી જયદીપસિંહ ચૌહાણ, ડે.ઈજનેર તરીકે શ્રી દલપતભાઈ ટી. પટેલ તથા જુ. ઈજનેર તરીકે શ્રી નિતીનચંદ્ર એમ. ચૌધરી કામગીરી કરી રહેલ છે. જેઓના ખાતાનું નામ શહેર વિકાસ ખાતુ છે. નોર્થઝોન (કતારગામઝોન), સુરત મહાનગપાલિકા, ગોતાલાવાડી ટેનામેન્ટ પાસે, કતારગામ, સુરત ફોન નં.૨૫૩૦૧૦૦, ૨૫૩૦૫૧૮. અરજદારની માંગેલ માહિતીમાં જવાબદાર હોદ્દેદારોના નામ સહિત કચેરીના સરનામા અને ફોન નંબર સહિતની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે પરંતુ રેસીડન્ટ સરનામા અને મોબાઈલ નંબરની વિગતો પૂરી પડાયેલ જણાતી નથી. જે મહાનગપાલિકાના દફતરે ઉપલબ્ધ હોય તો તે મુજબ અને જો પ્રોએકટીવ ડીસ્કલોઝર અને વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ હોય તો તે મુજબની વિગતો જણાવવાની રહે.

અરજદારે તેમની અરજીમાંના દાવા અનુસાર તા.૨૮–૧–૦૯ ની અરજી મહાનગપાલિકા કચેરીએ આપેલ હોય તો તેના આધાર રજૂ કરવા જણાવવામાં આવેલ. પરંતુ અપીલ તબકકે અરજદાર તેવી કોઈ વિગતો રજૂ કરી શકેલ નથી અને જાહેર માહિતી અધિકારીએ પણ આ મુદ્દા પરત્વે કોઈ પૂર્તતા રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૮–૧૧ ની ચાર અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૪ અને ૬ ની અંશતઃ મુદ્દા નં.૪ અને ૬ ની હકીકતમાં જણાવ્યાનુસારની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિનુભાઈ ડાહયાભાઈ પટેલ